# હેન્ડલુમ માર્કની યોજના

## હાથશાળ ખાતરીયુક્ત મૌલિકતા

---

વિકાસ આયુક્ત (હાથશાળ) ની કચેરી

કાપડ ઉદ્યોગ મંત્રાલય, ભારત સરકાર

# હાથશાળ નિશાની યોજના

**પૂર્વભૂમિકા :-**

હાથશાળ કાપડ ઉદ્યોગ, ભારતના સમૃધ્ધ સાંસ્કૃતિક વારસાનું કાળજબી લક્ષણા છે. આર્થિક પ્રવૃત્તિ તરીકે હાથશાળ ક્ષેત્ર લોકોને આજીવિકા પુરી પાડવામાં ખેતી પછી બીજું જ સ્થાન ધરાવે છે. એવો અંદાજ છે. કે હાથશાળ ઉદ્યોગ પ્રત્યક્ષ રીતે અને પરોક્ષ રીતે ૬૫ લાખ રોજગારોને રોજગાર પુરો પાડે છે. અને સમગ્ર ભારતમાં લગભગ ૩૫ લાખ શાળ છે. ૨૦૦૫-૦૬ના વર્ષ દરમિયાન, લગભગ ૬૧૮૮૦ લાખ ચો.મી. હાથશાળ વણાટના કાપડનું ઉત્પાદન થયું હોવાનો અંદાજ છે. અને ૨૦૦૫-૦૬ના વર્ષ દરમિયાન હાથશાળ, મિલ અને યંત્રશાળ ક્ષેત્રોનો સમાવેશ કરતાં કૂલ કાપડ, કાપડ ઉદ્યોગ ઉત્પાદનમાં હાથશાળનો હિસ્સો લગભગ ૧૬ ટકા થતો હોવાનો અંદાજ છે.

એવી અપેક્ષા છે, કે વધતી જતી વસ્તી અને સમૃધ્ધિ સાથે દેશમાંના અને આંતરરાષ્ટ્રીય બજારના કદમાં વધારો થશે અને માથાદીઠ વપરાશમાં પણ વધારો થશે. આ ક્ષેત્ર નાના કદમાં વસ્તુઓનું વાણિજ્યિક રીતે ઉત્પાદન કરવા, નવપરિવર્તનો માટેની મોકળાશ, નવી નવી ડિઝાઈનો તરફ વળવું, વિક્રેતાઓની જરૂરિયાતો પુરી કરવા માટે અનુકુળ થવાની ક્ષમતા અને ઉત્કૃષ્ટડિઝાઈનોનું સર્જન કરવાની તેની ક્ષમતામા યંત્રશાળ અને મિલ ક્ષેત્રથી આગળ રહે છે.

હાથશાળ ક્ષેત્ર ધણાં પડકોનો સામનો કરે છે જો કે હાથશાળ પરના વણાટમાં સૂતરાઉ કાપડનું સર્વશ્રેષ્ઠ વર્ચસ્વ છે ત્યારે રેસાના (ફાઈબરના) ભાવિ ઉપયોગની પધ્ધતિમાં સૂતર અને અન્ય રેસાઓનો સરખો હિસ્સો રહે એવી અપેક્ષા રાખવામાં આવે છે. પ્રોદ્યોગિકીના વિકાસની સાથે હાથશાળની પેદાશો યંત્રશાળ કરતાં ધણી ઓછી કિંમતે વધીને બમણી થઈ રહી છે. સરકાર સમ્રગ કાપડ ઉદ્યોગની સુમેળપૂર્ણ વૃધ્ધિ માટેની પરિસ્થિતિ સર્જવા માટે પ્રયત્ન કરી રહી છે. ત્યારે એ સુનિશ્ચિત કરવું પણ ગમશે કે હાથશાળ માટે સુસ્પષ્ટ અને સુનિશ્ચિત વિસ્તારો છે જેના પર યંત્રશાળ અને મિલોએ

અયોગ્ય રીતે દબાણ કર્યું નથી.

## હાથશાળની નિશાની :-

હાથશાળ વિકાસ આયુક્તની કચેરી, ભારત સરકાર વણકરોનાં હિત અને કલ્યાણનું રક્ષણ કરવા માટે સંખ્યાબંધ વિકાસલક્ષી યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મુકી રહી છે. હાથશાળ નિશાની શરૂ કરવા વિચારાયું છે જે હાથશાળની પેદાશોને સામુહિક ઓળખ આપશે અને તેનો ઉપયોગ ફક્ત હાથવણાટની પેદાશોને લોકયુક્ત કરવા માટે જ નહિ ખરીદેલી વસ્તુ ખરેખર હાથવણાટની જ છે. પરંતુ ખરીદનારને બાંયધરી પણ આપવાનો ઉદ્દેશ પણ સિધ્ધ કરશે. તદ્દુપરાંત એ પેદાશ અથવા ઉત્પાદકને ઓળખવા માટે એક વિશેષ નામ આપશે. તેથી હાથશાળની નિશાની પ્રભાવશાળી સર્જનનું એવું પ્રમાણ-ચિન્હ બની રહેશે, જે વસ્તુનું સ્પષ્ટપણે નિરૂપણ કરે, હરીફાઈમાં તેનો ભેદ દર્શાવે અને ગ્રાહકો સાથે તેનું જોડાણ કરી આપે.

હાથશાળ નિશાની બનાવવાની કામગીરી નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ડિઝાઈન, અમદાવાદને સોપવામાં આવી હતી. લોગોની આકૃતિ, તાણા અને વાણાની આંતરિક ગોઠવણીમાંથી બનાવવામાં આવી છે. આ દોરાઓ સહકારી સંસ્થાઓ માટે તેમની ઉત્પાદક સામગ્રી રજૂ કરે છે અને વણકરો માટે તેમનું કૌશલ્ય સૂચવે છે. તેમની વચ્ચેનો આંતરવ્યવહાર ગાઢ જાળગૂંથણી તરફ દોરી રહ્યો છે. તાણા અને વાણાને એ ત્રિપરિમાણાત્મક ધનાકૃતિ બનાવવા માટે વાળવામાં આવ્યા છે.

આ નિશાની બે સ્વરૂપમાં છે. એક ઘરેલું ઉપયોગ માટે છે. લોગો (આકૃતિ) ની નીચે હાથશાળ શબ્દ લખવામાં આવ્યો છે અને બીજુ સ્વરૂપ આંતરરાષ્ટ્રીય બજાર માટે છે. એ જ લોગો (આકૃતિ) ની નીચે ભારતમાં હાથવણાટ કરેલ શબ્દ લખેલા છે.

## યોજનાને આધાર આપતાં નીતિવિષયક પગલાં :-

૭મી એપ્રિલ – ૨૦૦૬ના રોજ જાહેર કરવામાં આવેલી વિદેશ વેપાર નીતિ ૨૦૦૪-૨૦૦૯ ની વાર્ષિક પુરવણી દર્શાવે છે કે આ યોજના મૂલ્ય વર્ધિત માછલી અને ચામડાની પેદાશો, લેખન સામગ્રી, આતશબાજી, રમતગમતનો સામાન, હાથશાળની

નિશાનીવાઈઝ હાથશાળની વસ્તુઓ અને હસ્તકલાની વસ્તુઓ જેવી નિર્દિષ્ટ પેદાશોની નિકાસના એફઓબી મુલ્યના ૨.૫ ટકા લેખે નિકાસના કૂલ વેચાણના ૫૦ ટકા સુધી શુલ્ક ધિરાણ સવલત આપે છે.

## હાથશાળ નિશાનીનું વર્ણન :-

> વેપાર નિશાની અધિનિયમ ૧૯૯૯ હેઠળ વેપાર નિશાની પ્રમાણીકરણની નોંધણી કરવા માટે તેમજ કોપીરાઈટ અધિનિયમ ૧૯૫૭ હેઠળ કોપીરાઈટ મેળવવા માટે અરજી કરેલી છે.

> સહેલાઈથી ઓળખી શકાય / વર્ગીકૃત કરી શકાય તે માટે દરેક લેબલની પાછળની બાજુ પર સાંકેતિક લિપિમાં વસ્તુ અંગેની માહિતી આપવામાં આવી છે. દા.ત. સાંકેતિક લિપિમાં લખેલા નંબર પાછળ આવતો (ડીએફ) (ફેબ્રિક ફોર ડોમેસ્ટિક સેલ) ઘરગથ્થું વેચાણ માટેના ફેબ્રિક (કાપડ) માટે છે, સાંકેતિક લિપિમાં લખેલા નંબર પાછળ આવતો ડીએમ મઈડ – અપ્સ એન્ડ ગાર્મેન્ટસ ફોર ડોમેસ્ટિક સેલ (ઘરગથ્થું વેચાણ માટેની બનાવટો અને વસ્ત્રો) માટે સાંકેતિક લિપિમાં લખેલા નંબર પાછળ આવતો ઈએફ (**EF**) ફેબ્રિક ફોર એક્સપોર્ટ (નિકાસ કરવા માટેનું કાપડ) અને સાંકેતિક લિપિમાં લખેલા નંબર પાછળ આવતો ઈએમ (**EM**) મેઈડ – અપ્સ એન્ડ ગાર્મેન્ટસ ફોર એક્સપ્રોર્ટ નિકાસ માટેની બનાવટો અને વસ્ત્રો માટે છે.

## લેબલ લગાડવાની રીત :-

> બનાવેલી દરેક વસ્તું ઉપર અને હાથથી વણેલા કાપડમાંથી તૈયાર કરેલા દરેક વસ્ત્ર ઉપર એક લેબલ ચોંટાડવામાં આવશે. ઉપયોગક્તાને ટેગ ગતથી લેબલ લગાવવાનો અથવા લેબલ સીવી લેવાનો વિકલ્પ મળશે.

> હાથે વણેલા કાપડની બાબતમાં વાળેલા કાપડ (થાન) ના અંદરના છેડા પર એક લેબલ લગાવવામાં આવશે.

> છૂટક વેચાણથી કાપડ ગ્રાહકને વેચવામાં આવે ત્યારે, છૂટક વેપારી કાપડના કાપેલા ટુકડા પર એક લેબલ લગાવશે.

**કાર્યક્ષેત્ર :-**

> આ યોજના તમામ હાથશાળ કાપડ અને તેમાંથી બનતી વસ્તુઓને આવરી લે છે.

> હાથશાળ નિશાની યોજના સમગ્ર દેશમાં અમલમાં મુકવામાં આવશે. વ્યક્તિગત વણકરો, ટોચ મંડળીઓ અને પ્રાથમિક હાથશાળ વણકર સહકારી મંડળીઓ, નિષ્ણાંત વણકરો, હાથશાળ વિકાસ નિગમો, છુટક વેપારીઓ અને નિકાસકારો આ યોજનામાં સામેલ થવાનો અને તેના લાભ મેળવવાની પાત્રતા ધરાવે છે.

**હેતુઓ :-**

> દેશના તેમજ આંતરરાષ્ટ્રીય બજારમાં હાથશાળની પેદાશોને ઉત્તેજન આપવું.

> મુળ બનાવટના અસલપણા વિશે ગ્રાહકોને ખાતરી આપવી.

> હાથશાળ વણકરો સાથેના આંતરરાષ્ટ્રીય બજારના જોડાણો સુધારવાં.

> હાથશાળની બનાવટો માટે પુરવઠો પુરો પાડવાના જોડાણો દઢ બનાવવા.

> દેશના તેમજ આંતરરાષ્ટ્રીય બજારમાં હાથશાળની બનાવટોની કિંમત સુધારવી.

> હાથશાળ વણકર સમાજની આવક સુધારવી.

> સમગ્ર વર્ષ દરમિયાન હાથશાળ વણકરોને સતત કામ મળી રહે તેવી અનુકુળતા કરી આપવી.

> હાથશાળના પુરવઠા અને વણકરો અંગેની માહિતી તૈયાર કરવી, જે ભારત સરકાર દ્વારા અમલમાં મુકાતી વર્તમાન યોજનાઓ દ્વારા વણકરોને આધાર પૂરો પાડવામાં અને ભાવિ આયોજનો તૈયાર કરવામાં મદદ કરશે.

**યોજનાનો અમલ :-**

સમગ્ર દેશમાં હાથશાળ નિશાની યોજનાનો અમલ કરવા માટેની અમલ એજન્સી તરીકે કાપડ સમિતિને કામગીરી સોંપવામાં આવી છે.

## હાથશાળ નિશાની મેળવવાની રીત :-

> કાપડ સમિતિની કચેરીઓમાંથી અરજી પત્રકો મેળવી શકાશે.
> http :// textiles committee.nic.in/

> યોજનાનો દુરુપયોગ થતો અટકાવવાના ઉદેશથી, વ્યક્તિગત વણકરો, નિષ્ણાંત વણકરો ટોચ મંડળીઓ અને પ્રાથમિક હાથશાળ વણકર સહકારી મંડળીઓ, હાથશાળ વિકાસ નિગમો, હાથશાળ છુટક વેપારીઓ અને નિકાસકારોની સ્થળ પર ખરાઈ કર્યા પછી અરજદારોની નોંધણી કરવામાં આવશે.

> અસલ હાથશાળ – વણકરો, નિષ્ણાંત વણકરો, મંડળીઓ, છુટક વેપારીઓ અને નિકાસકારોની નોંધણી જરૂરી ફી ભર્યા પછી જ કરવામાં આવશે ત્યારબાદ એક કરાર કરવામાં આવશે.

> નિકાસકારોના કેસ સિવાય અંદાજી વાર્ષિક ઉત્પાદન અને વેચાણના આધારે (ત્રિમાસિક ધોરણે) લેબલો પૂરાં પાડવામાં આવશે.

> નિકાસકારોની બાબતમાં ગત વર્ષની કામગીરી અંગેના ચાટર્ડ એકાઉન્ટન્ટના પ્રમાણપત્રના પ્રારંભિક ચકાસણીનો આધારે કરવામાં આવશે.

> નોંધાયેલા ઉપયોગકર્તાઓએ દર મહિને નિયત પત્રકો મોકલવાના રહેશે.

| અ.નં. | ઉપયોગકર્તાઓનું વર્ણન | વાર્ષિક નોંધણી ફી (રૂ|.) |
|---|---|---|
| ૧ | વ્યક્તિગત હાથશાળ વણકર | રૂ|. ૧૦૦/- |
| ૨ | નિષ્ણાંત હાથશાળ વણકર | રૂ|. ૨૦૦૦/- |
| ૩ | પ્રાથમિક હાથશાળ વણકર સહકારી મંડળી | રૂ|. ૨૦૦૦/- |
| ૪ | હાથશાળ વણકર સહકારી ટોચનીમંડળી અને હાથશાળ વિકાસ નિગમ (એપેક્ષ સંસ્થા) | રૂ|. ૫૦૦૦/- |
| ૫ | વેપારીઓ / છુટક વેપારીઓ (દેશમાંનું બજાર) | રૂ|. ૫૦૦૦/- |
| ૬ | ઉત્પાદક નિકાસકાર (નિકાસ બજાર) | રૂ|. ૧૦,૦૦૦/- |
| ૭ | વેપારી નિકાસકાર (નિકાસ બજાર) | રૂ|. ૧૦,૦૦૦/- |

લેબલની કિંમત :-

હાથશાળ નિશાનીના લેબલો, પોલિસ્ટર ટાફેટા પદાર્થ (કાપડ) પર બનાવવામાં આવે છે. આ લેબલો એવાં પ્રાપ્તિ સ્થાનોમાંથી મેળવવામાં આવશે, જે આંતરરાષ્ટ્રીય ખરીદનારાઓની પર્યાવરણને અનુકુળ હોય તેવી જરૂરિયાતોનો ખ્યાલ રાખનાર ઓઈકેઓટીઈએક્સ ૧૦૦ માનકો માટે યોગ્ય રીતે પ્રમાણિત હોય દરેક લેબલની કિંમત રૂ|. ૧.૨૫ રહેશે. નોંધાયેલા ઉપયોગકર્તાઓ તેમના અંદાજી ઉત્પાદન / વેચાણ ક્ષમતા મુજબ લેબલો ખરીદવા હકદાર બનશે.

અમલ વિષયક પગલા :-

> અધિકારીઓની ટુકડી દ્વારા સામયિક દેખરેખ હિસાબ તપાસણી.

> બજારમાંથી નમૂનો ખરીદીને હાથશાળ નિશાની ઉત્પાદનોની યાદચ્છિક ખરાઈ પણ કરવામાં આવશે.

> ઉત્પાદકો જયારે વેપારી નિકાસકારો, છુટક વેપારીઓ, વગેરેને હાથશાળની વસ્તુઓ મોકલે ત્યારે તેમણે અન્ય જરૂરી વાણિજિયક દસ્તાવેજોની સાથે જે તે વસ્તુ હાથશાળ પર તૈયાર કરવામાં આવેલી છે એવું પોતાનું પ્રમાણપત્ર બીડવું જરૂરી બનશે.

> તદ્ઉપરાંત કાપડ સમિતિ અને નોંધાયેલા ઉપયોગકર્તા વચ્ચે કરવામાં આવેલા કરારમાં હાથશાળ નિશાનીનો દુરૂપયોગ કરવા માટેની શિક્ષાવિષયક કલમો હશે. >પ્રથમ કલમ પ્રાથમિક તપાસ બાદ ઉપયોગકર્તાઓની નોંધણી રદ કરે છે. જે વધુ લેબલો મોકલવાનું તાત્કાલીક અટકાવી પણ દઈ શકે.

> દ્વિતીય કલમ વેપારી નિશાની અધિનિયમ ૧૯૯૯ના પ્રકરણ – ૧૨માં આપેલી જોગવાઈઓ મુજબ વ્યક્તિઓ / એકમો સામે પગલાં લેશે, જેમાં છ મહિનાથી ઓછી નહિ પરંતુ ત્રણ વર્ષ સુધી વધી શકે એટલી મુદતની કેદ અને પચાસ હજાર રૂપિયાથી ઓછો ન હોય પરંતુ બે લાખ રૂપિયા સુધી વધી શકે એટલા દંડ તથા બીજા અને આનુષંગિક ગુના વગેરે અંગે વધારેલા દંડનો સમાવેશ થાય છે,

> ત્રીજી કલમમાં કોપીરાઈટ અધિનિયમ ૧૯૫૭ના પ્રકરણમાં આપેલી જોગવાઈઓ મુજબ,વ્યક્તિઓ/એકમો સામે પગલા લેવાની જોગવાઈ છે સજાનો પ્રકાર વેપારી નિશાની અધિનિયમ ૧૯૯૯ માં છે તે પ્રમાણે જ છે.

ગ્રાહક નિસબત

હાથશાળ નિશાનીના લેબલવાળી વસ્તુની પ્રમાણભુતતા વિશે કોઈપણ ગ્રાહક શંકા ધરાવતો તે કોઈપણ ગ્રાહક બિલ અને સાંકેતિક નંબરની નકલ સાથે કાપડ સમિતિનો સંપર્ક કરી શકે છે. તારણયે ઉપર આધાર રાખીને કાપડ સમિતિ,ઉપયોગકર્તા સાથે થયેલા કરાર અનુસાર અને વેપારી નિશાની અધિનિયમ ૧૯૯૯ મુજબ કાર્યવાહી શરૂ કરશે. ગ્રાહક, ગ્રાહક અદાલતનો સંપર્ક કરવાનો વિકલ્પ પણ લઈ શકે. આને પ્રચાર માધ્યમો દ્વારા વ્યાપક પ્રસિધ્ધિ આપવામાં આવશે.